**ફોજદારી કેસ નં. ૮૮૬/ ૨૦૨૩**

ફરીયાદી : શ્રી સરકાર

// વિરુધ્ધ//

આરોપી : સચીન સ/ઓ વસંતજ્ઞાનુ ગાયકવાડ

**ગુનો:– ધી ઈ.પી.કો.કલમ : ૨૭૯**

**<u>ચુ કા દો</u>**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે **ઈ.પી.કો.કલમ : ૨૭૯** મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી, તેમની પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

૨. આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગાર સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે **ઈ.પી.કો.કલમ : ૨૭૯** અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને ઈ.પી.કો.કલમ : ૨૭૯ અન્વયેના રૂા. ૨૦૦/–, **એમ કુલ રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા )** પૂરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૨૨ મી માહે, જુન, ૨૦૨૪ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૨૨/ ૦૬/૨૦૨૪
સ્થળ:અમદાવાદ.

( આદિત્ય રાજેશભાઈ ગોર )
દશમાં એડી. જ્યુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા.
જજ કોડ–જીજે–૦૧૭૦૯